અપીલ અરજી નં.૪૩૦ તા.૨૪–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર: – શ્રી સુરેશ રણછોડભાઈ પટેલ
સામાવાળા:– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)

**ફરીયાદની હકીકત:–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ રણછોડભાઈ પટેલની તા. ૧૫–૧૦–૧૧ની અરજીથી (૧) રીવાઈઝ પ્લાન મંજુર કરાવનાર જમીન માલિક અથવા જમીન માલિકના પાવરદારે જમીન ઉપર પ્રથમ પ્લાન મંજુરના કબ્જેદારોની જાણ રીવાઈઝ પ્લાન મંજુર કરતી વખતે કરવાની હોય છે કે નહી? (૨) રીવાઈઝ પ્લાન મંજુર કરતી વખતે પ્રથમ પ્લાન મંજુરના કબ્જેદારોની સહમતી રીવાઈઝ પ્લાન હેતુ હોવી જરૂરી છે કે નહીં રીવાઈઝડ પ્લાન મંજુર કરતી વખતે રીવાઈઝ પ્લાન મંજુર કરતાં અધિકારશ્રીની સ્થળ ઉપરના પ્રથમ પ્લાન મંજુરના કબ્જેદારોની નોંધ જણાવવાની ફરજ છે કે નહીં? તેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૪–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૪૩૦/૨૦૧૧–૧૨

શ્રી સુરેશ રણછોડભાઈ પટેલની તા. ૧૫–૧૦–૧૧ની અરજીથી (૧) રીવાઈઝ પ્લાન મંજુર કરાવનાર જમીન માલિક અથવા જમીન માલિકના પાવરદારે જમીન ઉપર પ્રથમ પ્લાન મંજુરના કબ્જેદારોની જાણ રીવાઈઝ પ્લાન મંજુર કરતી વખતે કરવાની હોય છે કે નહી? (૨) રીવાઈઝ પ્લાન મંજુર કરતી વખતે પ્રથમ પ્લાન મંજુરના કબ્જેદારોની સહમતી રીવાઈઝ પ્લાન હેતુ હોવી જરૂરી છે કે નહીં રીવાઈઝડ પ્લાન મંજુર કરતી વખતે રીવાઈઝ પ્લાન મંજુર કરતાં અધિકારશ્રીની સ્થળ ઉપરના પ્રથમ પ્લાન મંજુરના કબ્જેદારોની નોંધ જણાવવાની ફરજ છે કે નહીં? તેની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન) ના તા. ૧૮–૧૧–૧૧ના પત્રથી પ્રશ્નનો જવાબ સ્પષ્ટ થતો ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૪–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબત અંગે જોગવાઈની માહિતીની નકલ સહ વિગતો મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૦૫ તા.૫–૧૨–૧૧ થી** એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ) ને તથા અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતી ,ફી ભર્યાની વિગત સહ નારાજગી અંગે મુદ્દાવાર આધાર સહ સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં. ૫૬૬ તા.૧૯–૧૨–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, વરાછાઝોન તરફથી ઈ.ઝેડ/આરટીઆઈ સેલ/૫૬૬ તા.૧૮–૧૦–૧૧ થી જાહેર માહિતી અધિકારી અને ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કરેલ પત્રની નકલ, મ. જાહેર માહિતી અધિકારી અને નગર નિયોજક શહેર વિકાસ તરફથી ટીડીઓ/૩૪૫ તા.૧૫–૧૧–૧૧ થી કાર્યપાલક ઈજનેર વરાછાઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૫૬૬ તા.૧૯–૧૧–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૫૧ તા.૨–૧–૧૨ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, તબદીલ કરેલ પત્રની નકલ, તથા અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ટીડીઓ/૩૫૦ તા.૧૭–૧૧–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૫–૧૦–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. વરાછાઝોન તરફથી ઈ.ઝેડ/આરટીઆઈ સેલ/૫૬૬ તા.૧૮–૧૦–૧૧ થી જાહેર માહિતી અધિકારી અને ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કરવામાં આવેલ. જે મ. જાહેર માહિતી અધિકારી અને નગર નિયોજક શહેર વિકાસ તરફથી પત્ર નં. ટીડીઓ/૩૪૫ તા.૧૫–૧૧–૧૧ થી કાર્યપાલક ઈજનેર વરાછાઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના સંદર્ભે વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૫૬૬ તા.૧૯–૧૧–૧૧ થી (૧) રીવાઈઝ પ્લાન મંજુર કરાવનાર જમીન માલિક અથવા જમીન માલિકના પાવરદારે જમીન ઉપર પ્રથમ પ્લાન મંજુરના કબ્જેદારોની જાણ રીવાઈઝ પ્લાન મંજુર કરતી વખતે કરવાની હોય છે કે નહી? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જી.ડી.સી.આર ની જોગવાઈ મુજબ કાર્યવાહી કરવાની રહે છે. તેવું જણાવેલ છે. (૨) રીવાઈઝ પ્લાન મંજુર કરતી વખતે પ્રથમ પ્લાન મંજુરના કબ્જેદારોની સહમતી રીવાઈઝ પ્લાન હેતુ હોવી જરૂરી છે કે નહીં રીવાઈઝડ પ્લાન મંજુર કરતી વખતે રીવાઈઝ પ્લાન મંજુર કરતાં અધિકારશ્રીની સ્થળ ઉપરના પ્રથમ પ્લાન મંજુરના કબ્જેદારોની નોંધ જણાવવાની ફરજ છે કે નહીં? તેની માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જી.ડી.સી.આર. મુજબ ચકાસણી કરી કાર્યવાહી કરવામાં આવે છે. તેવું જણાવેલ છે. પરંતુ જીડીસીઆર ની જોગવાઈ, કલમ કે નિયમ જણાવેલ નથી કે તેનો સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષાની વિગત પ્રસિધ્ધિનો સંદર્ભ જણાવેલ નથી. જે બાબતે પત્ર નં.૫૬૬ થી નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ અરજદારે તા.૨૪–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે અને જવાબમાં ફકત જી.ડી.સી.આરની જાણકારી આપેલ છે પણ જે પ્રશ્ન પુછેલ છે તેની સ્પષ્ટતા કરેલ નથી. તેવા પ્રશ્ન બાબતે ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ/૩૫૦ તા.૧૭–૧૧–૧૧ થી રીવાઈઝડ પ્લાન મંજુરી વખતેના માલિકો અથવા તેના પાવરદારે અગાઉના માલિકો /કબ્જેદારોને જાણ કરવાની જી.ડી.સી.આરમાં જોગવાઈ નથી. તેવું જણાવેલ છે. (૨) રીવાઈઝડ પ્લાન મંજુરી વખતે અગાઉના પ્લાન મંજુરી સમયેના માલિકો /કબ્જેદારોની સંમતિ મેળવવાની કે નોંધ રાખવાની કે જણાવવાની જી.ડી.સી.આરમાં જોગવાઈ નથી. તેવું જણાવેલ છે.આમ અરજદારને મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તરફથી જી.ડી.સી.આર ની જોગવાઈઓ સહિત માંગ્યા મુજબની માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૫–૧૦–૧૧ થી માંગવામાં આવેલ માહિતી બંને જાહેર માહિતી અધિકારીઓ તરફથી માહિતી પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષાની માહિતીના કિસ્સામાં જોગવાઈ સ્પષ્ટ જણાવવા અગર પ્રસિધ્ધિનો સંદર્ભ અચૂક જણાવવા ભવિષ્યમાં કાળજી લેવા સૂચિત કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,

(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી ( શહેર વિકાસ વિભાગ) તથા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)....જાણ તથા અમલ માટે

(૨) શ્રી સુરેશ રણછોડભાઈ પટેલ,